# રાંદેરમાં 9 ડિસેમ્બરે પાણી કાપ, દોઢ લાખ લોકોને અસર થશે

**જોગાણીનગરની** ટાંકી સાથે જોડાયેલી લીકેજ પાઇપ બદલવાની કામગીરી હાથ ધરાશે

સુરતઃ રાંદેર ઝોન વિસ્તારમાં આવેલા જોગાણીનગર જળવિતરણ મથકની ઓવરહેડ ટાંકી સાથે જોડાયેલી 1500 મીમી વ્યાસની એમ.એસ. લાઇનમાં થયેલા લીકેજ તથા 200 મીમી વ્યાસની બાયપાસ લાઇન બદલવાની કામગીરીને કારણે મંગળવાર, તા. 09/12/2025ના રોજ સાંજનો પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે. હાઈડ્રોલિક વિભાગની ટેકનિકલ ટીમ 9 મી ડિસેમ્બરે આ કામગીરી કરશે. જેથી 9 મી ડિસેમ્બરે રાંદેરના અમુક વિસ્તારોમાં પાણી કાપ રહેશે. રાંદેરની અંદાજીત દોઢ લાખ વસતીને તેની સીધી અસર થશે. આ કારણસર આ વિસ્તારના રહેવાસીઓને પાણીની વ્યવસ્થા કરવા અપીલ કરવામાં આવી છે..

### રાંદેર ઝોનમાં અડાજણ અને પાલના આ વિસ્તારોમાં પાણી કાપ રહેશે

મેરૂલક્ષ્મી સોસાયટી, રંગઅવધૂત સોસાયટી વિભાગ ૩, ગુજરાત હાઉસિંગ બોર્ડ, સુમન સંધ્યા આવાસ, હયાત રેસીડેન્સી, કોઝવે વિસ્તારની સોસાયટીઓ, શાશ્વત કોમ્પ્લેક્ષ, રીઅલ કેદાર ભવન, સાકાર રો હાઉસ, ગોવિંદનગર, સહજધામ રો હાઉસ, વસંત વિહાર રો હાઉસ, સનાઈ રેસિડન્સી, રામકુટીર રો હાઉસ, ભાગ્યનિધી રો હાઉસ, સાંઈ જયોત રો હાઉસ, શીખર કોમ્પ્લેક્ષ, વિશાલ રો હાઉસ, પાલવ રો હાઉસ, ગોવર્ધન પાર્ક, સરગમ પાર્ક, જલારામ નગર, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, અક્ષરધામ સોસાયટી, શીવ આશિષ, રાધા પાર્ક, ડી-માર્ટ વિસ્તાર, સુર્યોદય કોમ્પ્લેક્ષ, કરણ પાર્ક, હરીદર્શન સોસાયટી, રામેશ્વર સોસાયટી, યમુના કોમ્પ્લેક્ષ, સ્પર્શ સોસાયટી, ઉમિયા પાર્ક, હરીદ્વાર સોસાયટી, આત્મન પાર્ક, સુમન વિહાર, મિલન પાર્ક, ગ્રીન વેલી રેસિડન્સી, શુકન રેસિડન્સી, શુભમ પાર્ક, યમુના કોમ્પ્લેક્ષ, પ્રવેગ રો હાઉસ, ઋતુરાજ રો હાઉસ, સજની રો હાઉસ, મહર્ષિ અરવિંદ સોસાયટી, માતૃછાયા રો હાઉસ, સાંઈ વિહાર રો હાઉસ, મણીનગર સોસાયટી, કેદાર પાર્ક, સાંઈ લીલા રો હાઉસ, પરશુરામ ગાર્ડન, આશા નગર, શિવ રો હાઉસ, સંસ્કાર પાર્ક, ઉમા પાર્ક, કૃપા સૃષ્ટિ, કૃષ્ણ સૃષ્ટિ, એલ.પી. સવાણી શાળા, રાજ મહલ, પ્રસંગ રેસીડેન્સી, વેસ્ટર્ન વિલા, ગ્રીન એવિન્યૂ, ટી.જી.બી. રેસ્ટોરન્ટ વિસ્તાર, ગુરૂકૃપા સોસાયટી, વિષ્ણુ સોસાયટી, પંચવટી, અરીહંત પાર્ક, યોગેશ્વર પાર્ક, રેખા પાર્ક, હરીઓમ નગર, સન બંગ્લોઝ, કૃષ્ણા નગર, જીગર પેલેસ, મણી રત્ન એપાર્ટમેન્ટ, શ્રીનાથ સોસાયટી, રેવાનગર, નવરંગ સોસાયટી અને કંકુનગર જેવા તમામ વિસ્તારોમાં 9 ડિસેમ્બરે સાંજના સમયે પાણી પુરવઠો બંધ રહેશે.

## અનોખી હેલમેટ પહેરીને ફરતો યુવાન લોકોનું ધ્યાન ખેંચી રહ્યો છે



સુરતીઓ કોઇને કોઇ કારણસર સતત ચર્ચામાં રહે છે ત્યારે એક યુવાનની અનોખી હેલમેટ હાલ ચર્ચામાં છે. આ યુવાન જ્યાંથી પણ પસાર થાય છે તેને જોવા માટે લોકો અચૂક ઊભા રહી જાય છે. મોબાઇલ ફોન ઉપર વાત કરવા તેણે હેલમેટમાં જ સ્ટેન્ડ બનાવ્યું છે. **(તસવીર : હેમંત ડેરે)**

## ઠગાઈ કેસમાં કનૈયાલાલ કોન્ટ્રાક્ટરના જામીન નામંજૂર

**બોગસ** સહીઓ કરી બનાવટી પાવર ઓફ એટર્ની ઊભી કરી ખોટા દસ્તાવેજના આધારે ૨.૯૨ કરોડની લોન મેળવી હતી

સુરત : લોન છેતરપિંડી કેસમાં કનૈયાલાલ કોન્ટ્રાક્ટરની જામીન અરજી કોર્ટે રદ કરી હોવાનું જાણવા મળ્યું છે.

ભરથાણા ખાતે રહેતા કનૈયાલાલ કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ ડીસીબી પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાતનો ગુનો નોંધાયો હતો. કનૈયાલાલ કોન્ટ્રાક્ટરના નાનાભાઈ હેમંત કોન્ટ્રાક્ટરના પત્ની નયનાબેન કોન્ટ્રાક્ટરે જેઠ કનૈયાલાલ કોન્ટ્રાક્ટર વિરુદ્ધ આરોપ લગાવ્યો હતો કે, નયના કોન્ટ્રાક્ટર અને તેમના પતિ હેમંત કોન્ટ્રાક્ટર અને સાસુ ડાહીબેન કોન્ટ્રાક્ટરની બોગસ સહીઓ કરી બનાવટી પાવર ઓફ એટર્ની ઉભી કરી ખોટા દસ્તાવેજના આધારે પેઢીની અઠવાલાઈન્સ ખાતે આવેલી આરડીએસ હાઉસ વાળી મિલકત ગીરવે મુકીને ફાયનાન્સ કંપનીમાંથી રૂપિયા ૨.૯૨ કરોડની લોન મેળવી ઠગાઈ આચરી હતી. નયના કોન્ટ્રાક્ટરની આ ફરિયાદ લઈ જેઠ કનૈયાલાલ કોન્ટ્રાક્ટરની ધરપકડ કરી હતી. આરોપી કનૈયાલાલે સુરત કોર્ટમાં જામીન ઉપર મુક્ત થવા અરજી કરી હતી. બંને પક્ષની દલીલો પૂર્ણ થતાં કોર્ટે જામીન અરજી ફગાવી દીધી હતી.

### હાઈકોર્ટમાંથી એન્જિયોગાફી માટેની અરજી મંજૂર કરાઈ

સુરતઃ બીજી તરફ હાઈકોર્ટમાં કનૈયાલાલ કોન્ટ્રાકટરે એન્જિયોગ્રાફી માટે કરેલી જામીન અરજી મંજૂર કરાઇ હતી. આ અંગે સિનિયર વકીલ કલ્પેશ દેસાઈના જણાવ્યા મુજબ અરજદારને એન્જિયોગ્રાફી કરવાની જરૂર હોવાથી આ સુવિધા સિવિલ હોસ્પિટલમાં નથી. જેથી હોસ્પિટલમાં એન્જિયોગ્રાફી કરવાની મંજૂરી અરજીમાં માંગવામાં આવી હતી. બંને પક્ષની દલીલો બાદ હાઇકોર્ટે પોલીસ સાથે મહાવીર કાર્ડિયાક હોસ્પિટલમાં સારવાર કરાવવા માટેની અરજી મંજૂર કરી હતી.

જર્જરિત મકાનમાં બાળકોને બેસાડનાર

## આખરે રાંદેરની સાકેત હિન્દી વિદ્યાલયની માન્યતા રદ

**એક** જ શિક્ષક અને પટાવાળા સાથે અભ્યાસ ચાલતો હતો

સુરત : રાંદેર રોડ પર આવેલી પ્રેમભારતી સાકેત હિન્દી વિદ્યાલયમાં વર્ષોથી નિયમોની અવગણના અને ભૌતિક સુવિધાનો અભાવ ચાલતો આવ્યો હતો. અનેક નોટિસો આપ્યા છતાં શાળા સંચાલકોએ સુધારો ન કરતા અંતે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ ધોરણ ૯ અને ૧૦ની માન્યતા રદ કરી શાળાને બંધ કરવાનો આદેશ કર્યો છે.

૧૮ નવેમ્બરે કરાયેલી સ્થળ તપાસમાં બહાર આવ્યું કે ૭૦ વિદ્યાર્થીઓને ભણાવી રહેલી આ શાળામાં એકપણ ક્લાસરૂમમાં બારીઓ કે દરવાજા નહોતાં. તુટેલું ફ્લોરિંગ, બેસવાની યોગ્ય વ્યવસ્થા નહીં. ટોયલેટ સુવિધા નથી, ગંદકી અને પાણીની તંગી અને ફાયર સેફ્ટી પોલિસીના નિયમોનો શૂન્ય અમલ થતો હતો. આ જ સંચાલન હેઠળ ધોરણ ૧થી ૮ અને ૧૧-૧૨ ખાનગી રૂપે ચાલી રહ્યા છે. અહીં પણ નિયમોનું ઉલ્લંઘન બહાર આવતા આ ધોરણોની માન્યતા રદ કરવા કાર્યવાહી શરૂ થઈ છે.

### શાળા માત્ર નામની, દસ્તાવેજો પણ અધૂરા

શાળા મકાનનો મંજૂર નકશો નથી. જમીન NA નથી, BU પરમિશન નથી. શાળાની જમીન અંગે વર્ષોથી કોર્ટ કેસ ચાલે છે. એક જ શિક્ષક અને પટાવાળા સાથે અભ્યાસ ચાલતો હતો. વિદ્યાર્થીઓની ખોટી હાજરી બતાવી ગ્રાન્ટ મેળવવાનો પ્રયાસ થતો હતો. સ્પષ્ટ થાય છે કે નિયમોનો ભંગ કરીને ગ્રાન્ટેડ શાળા ચલાવવામાં આવી રહી હતી.

### વિદ્યાર્થીના હક્કોમાં સમાધાન નહીં : DEO

જિલ્લા શિક્ષણાધિકારી ડો. ભગીરથસિંહ પરમારે જણાવ્યું કે, વિદ્યાર્થીઓની સલામતી અને શિક્ષણની ગુણવત્તાને અમે કોઈ રીતે ખોટું થવા નહીં દઈએ. અનેક વખત તક આપવા છતાં સુધારો ન મળતા માન્યતા રદ કરવી પડી. વિદ્યાર્થીઓના અભ્યાસમાં વિક્ષેપ ન પડે તે માટે તેમને અન્ય શાળામાં સ્થાનાંતર કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

## 3 કિલો ચરસ સાથે ઝડપાયેલા આરોપીને 10 વર્ષની સખત કેદ

સુરતઃ જહાંગીરપુરામાંથી સને ૨૦૧૯ના સમયગાળમાં પકડાયેલા ૩ કિલો ચરસના કેસમાં આરોપી સામે કાનુની કાર્યવાહી કોર્ટમાં ચાલતા સુરત સ્પેશ્યલ એનડીપીએસ કોર્ટે આરોપીને દોષિત ઠેરવી ૧૦ વર્ષની સજા અને રૂ.૧ લાખનો દંડ કરતો હુકમ કર્યો છે. કેસની વિગતો મુજબ સને ૨૦૧૯માં ગીરના તલાલા ખાતે નોંધાયેલા રૂ.૫ લાખની કિંમતના ચરસના ગુનામાં આરોપી કૃણાલ દુર્ગશ વાઘાણીની ધરપકડ બાદ તેની પુછપરછમાં આ ચરસનો જથ્થો સતીષ પીપળીયાએ આપ્યો હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ મૂળ સુરેન્દ્રનગરના વતની અને સુરત જહાંગીરપુરા રાધે પાર્ક ખાતે રહેતા પાર્થ ગણેશભાઈ માંડલીયાને ત્યાં સુરત એસઓજી દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં પાર્થ માંડલીયા પાસેથી કોમર્શિયલ ક્વોન્ટીટી કહી શકાય તેવો ૩ કિલોથી વધુ ચરસનો જથ્થો મળી આવતા તેને કબ્જે લેવાયો હતો.

### દારૂની બોટલો, ડ્રગ્સનાં ઈન્જેક્શન અને સિરિંજના ઢગલા એટલે ગાંધીબાગ

## ગાંધીના ગુજરાતમાં 'ગાંધીબાગ' નશાનો અડ્ડો

**રાજ્યભરમાં** દારૂ-જુગારના ન્યૂસન્સ સામે રોષ વચ્ચે શહેરના ચોકબજારનો ગાંધીબાગ અસાાજિક તત્વોનો અડ્ડો બન્યો

**મનપાના** સિક્યુરિટી ગાર્ડ શોભાના ગાંઠિયા જેવા : સફાઇના નામે ખદબદતી ગંદકી



સુરતઃ એક સમયે કોટ વિસ્તારના નાગરિકો માટે સૌથી પ્રિય સ્થળ ગણાતો ગાંધી બાગ હવે ગંદકી, અસામાજીક તત્વો અને વહીવટી બેદરકારીનું જીવંત ઉદાહરણ બની ગયો છે. સાંજ પડતાં જ બગીચો દારૂડીયાઓ અને ચરસીઓના અડ્ડામાં ફેરવાઈ જાય છે. દારૂની બોટલો, ડ્રગ્સના ઈન્જેક્શન અને સિરિંજોના ઢગલાં ખુલ્લેઆમ જોવા મળતા નાગરિકો અહીં આવતા પણ ડરવા લાગ્યા છે. ગાંધી બાગની સૌથી દુઃખદ પરિસ્થિતિ એ છે કે ગાર્ડન વિભાગનું મુખ્ય કાર્યાલય જ્યાં કાર્યરત છે તેની બાજુમાં જ આ બાગ છે અને છતાં તેની સ્થિતિ ઉકરડાથી વધુ કંઈ નથી. 20 હજાર સ્કવેર મીટરમાં ફેલાયેલો ગાંધી બાગ મેટ્રો, પે એન્ડ પાર્ક અને પાણીની ટાંકીઓના પ્રોજેક્ટને કારણે અડધો થઈ ગયો હોવા છતાં બાગની જાળવણી પર કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી. વહીવટી તંત્રની અવગણનાને કારણે આ ઐતિહાસિક બાગ હવે લોકો માટે જોખમી સ્થળ બની ગયો છે. જ્યાં કવિ નર્મદની પ્રતિમા ઉભી છે ત્યાં જ દારૂની બોટલો, ગાંજા-ચરસની સિરિંજ અને સિરગેટના ખોખા ઢગલામાં જોવા મળતા શહેરીજનોમાં ભારે રોષ ફેલાયો છે. નાગરિકોનો સીધો પ્રશ્ન છે કે સુરત જેવી મેટ્રો સિટીના ઐતિહાસિક બગીચાની આવી હાલત કેમ? ગાંધી બાગને શ્વાન, નશો કરનારાઓ અને અસામાજીક તત્વોનો અડ્ડો બનતો અટકાવવા સિક્યુરિટી ગાર્ડ હોવા છતાં તેમની હાજરી માત્ર નામ પુરતી જ છે. રાત્રિના સમયે અસામાજીક તત્વો બાઈક પર બાગની અંદર સુધી બિન્દાસ્ત પ્રવેશી જાય છે. સિક્યુરિટી સ્ટાફ દ્વારા કોઈ કાર્યવાહી ન થતાં કોટ વિસ્તારના નાગરિકો રાત્રે બાગમાં ચક્કર મારવું તો દૂર, તેની નજીક જવું પણ અશક્ય માની રહ્યા છે.

### સફાઈના અભાવે જંગલી ઝાડ ઊગી નીકળ્યાં, પાણીના ખાબોચિયા અને તીવ્ર દુર્ગંધ

ગાંધી બાગમાં છેલ્લા કેટલાય મહિનાઓથી યોગ્ય સફાઈ ન થતાં દાદર (ફ્લોરિંગ) પર પણ જંગલી ઝાડ ઉગી નીકળ્યાં છે. ફુવારા વર્ષોથી બંધ પડ્યાં છે, ખાબોચિયાઓમાં ગંદું પાણી ભરાઈ રહેલું છે અને તેની તીવ્ર દુર્ગંધથી મુલાકાતીઓને નર્ક સમાન અનુભવ થાય છે. વર્ષના 10 હજાર કરોડના બજેટ ધરાવતી પાલિકા દ્વારા બાગોની સંભાળ માટે ફાળવેલા નાણાં ક્યાં વપરાઈ રહ્યા છે તેવો સવાલ શહેરમાં ગુંજાઈ રહ્યો છે.

## એમ.ડી. ડ્રગ્સ કેસના આરોપીને હાઈકોર્ટના શરતી જામીન

સુરત : NDPS એક્ટના ગુનામાં ઝડપાયેલા અરબાઝના જામીન હાઈકોર્ટે મંજૂર કર્યા છે. આ કેસની હકીકત એવી હતી કે ૨૯૭ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે અસલમ મારિયો પકડાયો હતો. અસલમ મારીયોને માલ સપ્લાય કરવા બદલ અરબાઝની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી અસલમે અરબાઝને રૂપિયા ૫૦,૦૦૦ ગુગલ પે દ્વારા ચૂકવ્યા હોવાનું તપાસમાં ખુલ્યું હતું. ત્યારબાદ આરોપી અરબાઝ ઉર્ફે મુજ્જુ સૈયદઅલી સૈયદની તરફે રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવાને માટે સુરત સ્થિત વકીલ ઝફરઅહેમદ કે. બેલાવાલા તથા ગુજરાત હાઈકોર્ટના વકીલ એ.એસ.ટીંબલીયાનાઓ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરતા ગુજરાત હાઈકોર્ટે બંને પક્ષની રજુઆતો અને દલીલો બાદ આરોપી અરબાઝ ઉર્ફે મુજ્જુ સૈયદઅલી સૈયદને કેટલીક શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરતો હુક્મ કર્યો હતો.

## બમરોલી પાંડેસરામાં કામદારોએ લૂમ્સની ખટખટ બંધ કરાવી

**તોફાન** થવાના ભયે પોલીસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો

**હડતાળનું** ચોક્કસ કારણ લૂમ્સના માલિકોને પણ ખબર નથી

સુરતઃ બમરોલી, પાંડેસરા વિસ્તારમાં આવેલી ઈન્ડસ્ટ્રિયલ સોસાયટીમાં ચાલતા પાવરલૂમ કારખાના કારીગરો અચાનક હડતાળ પર ઉતરતા ત્રણ મોટી વિવિંગ સોસાયટીમાં ઉત્પાદન ઠપ થયું છે.

શહેરના બમરોલી, પાંડેસરા વિસ્તારમાં આવેલી ઈન્ડસ્ટ્રિયલ સોસાયટીમાં ચાલતા વીવીંગ લૂમ્સના કારખાનાઓ પર ગઈકાલ ગુરુવારે મળસ્કે ચાર વાગ્યે ધસી ગયેલા કારીગરોના ટોળાએ કામકાજ બંધ કરાવીને અન્ય કારીગરોને ભગાડી મૂક્યા હતા. ગુરુવારે રાતથી કારીગરો હડતાળ પર ઉતરી ગયા છે.

બમરોલી ઈન્ડસ્ટ્રિયલ સોસાયટીના અગ્રણીઓના જણાવ્યા મુજબ કારીગરોના ટોળાએ બમરોલી વિસ્તારમાં આવેલી હરીઓમ ઈન્ડસ્ટ્રિયલ સોસાયટી, સહજ ઈન્ડસ્ટ્રિયલ સોસાયટી, ક્રિષ્ના ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ઉમા ઈન્ડસ્ટ્રિયલ વગેરે સોસાયટીમાં ચાલતા વીવીંગ લૂમ્સના કારખાનાઓ બંધ કરાવી દીધા હતા. તેમાં કામ કરતા કામદારોને કારખાનું છોડીને ઘરે જતા રહેવાનું જણાવ્યું હતું. મળસ્કે પાંચ વાગ્યે કારખાનાના માલિકોને મેનેજરે ફોન કરીને કારીગરોની હડતાળ અંગે જણાવતા કારખાનેદારો વહેલી સવારે કારખાના પર પહોંચ્યા હતા. પરંતુ, તેમની સાથે વાતચીત કરવા માટે કોઈ તૈયાર ન હતા.

કારખાનેદારોએ જણાવ્યું કે શુક્રવારે મોડી સાંજ સુધી કારીગરો તરફથી કયા કારણોસર હડતાળ પાડીને ઉત્પાદન ઠપ કરી દેવામાં આવ્યું તેની જાણ કરવામાં આવી નથી.

### હડતાળનાં આ બે કારણ હોય શકે

(1) મજૂરીના દરમાં પ્રતિ મીટરે ક્વોલિટી અનુસાર 5થી 7 પૈસાનો વધારો કરી આપવા માટે કારખાનેદારો પર દબાણ લાવવા માટે હડતાળ પાડી હોવાનું કહેવાય રહ્યું છે.

(2) જ્યારે બીજું કારણ એ પણ સપાટી પર આવ્યું છે કે ગતરોજ બમરોલી વિસ્તારમાં કોઇ કારીગર મૃત મળી આવ્યો હતો, તેના વિરોધમાં કારીગરો દ્વારા હડતાળ પાડવામાં આવી હતી.

## પહેલી સરકારી આયુર્વેદિક હોસ્પિટલમાં OPD શરૂ થશે

**ચોકબજારમાં** આ આર્યુવેદિક હોસ્પિટલ શરૂ કરાશે

**વિનામૂલ્યે** આયુર્વેદિક-હોમિયોપેથીક સારવાર

સુરતઃ સુરતના સ્વાસ્થ્યની સુવિધાના માળખામાં વધારાની જાહેરાત કરવામાં આવી છે. ચોકબજાર વિસ્તારમાં નવી સરકારી આયુર્વેદિક હોસ્પિટલનું નિર્માણ પૂર્ણ થવાના અંતિમ તબક્કે છે. હોસ્પિટલના સત્તાવાર લોકાર્પણ પહેલા જ સુરતવાસીઓને આયુર્વેદિક અને હોમિયોપેથિક સારવારનો લાભ મળી રહે તે હેતુથી હાલ O.P.D. સેવા શરૂ કરવામાં આવી છે.

આ O.P.D. સવારે 9:00 થી 1:00 અને બપોરે 3:00 થી 5:00 કલાક દરમિયાન ચાલુ રહેશે. અહીં દવાઓ તથા સારવાર સેવા સંપૂર્ણપણે વિનામૂલ્યે ઉપલબ્ધ રહેશે.

જિલ્લા આયુષ અધિકારી વૈદ્ય મિલન દશોંદીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, સુરત શહેરમાં અત્યાર સુધી એક પણ સરકારી આયુર્વેદિક હોસ્પિટલ ન હતી. હવે કેન્દ્રિય આયુષ મંત્રાલય અને આરોગ્ય વિભાગના સહયોગથી પાંચ માળની અદ્યતન સરકારી આયુર્વેદિક હોસ્પિટલ ઉભી થઈ છે, જે ટૂંક સમયમાં સંપૂર્ણ રીતે કાર્યરત થશે.

જૂની સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં ઉભી થયેલી આ હોસ્પિટલ દક્ષિણ ગુજરાત માટે આયુર્વેદ-હોમિયોપેથીક તબીબી સેવા માટે એક મહત્વનું કેન્દ્ર બનશે. વધુમાં તેમણે શહેરીજનોને અનુરૂપ અનુરોધ કરતાં કહ્યું આ હોસ્પિટલ શરીર-મનને તંદુરસ્ત રાખશે, કુદરતી ઉપચાર દ્વારા લોકો સ્વસ્થ જીવન જીવશે. તેથી OPD સેવા નો વધુમાં વધુ લાભ લેવો.

### 50 બેડની હોસ્પિટલ : તબક્કાવાર તમામ સારવાર

હોસ્પિટલના હેડ અને વૈદ્ય (પંચકર્મ) તુષાર શાહે જણાવ્યું હતું કે, સુરતમાં પ્રથમવાર 50 બેડ ક્ષમતા ધરાવતી સરકારી આયુર્વેદિક હોસ્પિટલ તૈયાર થઈ છે. પ્રથમ તબક્કે OPD સાથે શરૂઆત કરી છે, જ્યારે આવતા સમયમાં પંચકર્મ સહિતની તમામ આયુર્વેદિક સારવાર સુવિધાઓ તબક્કાવાર શરૂ કરવામાં આવશે. તેમણે સુરતવાસીઓ સાથે અનુરોધ કર્યો કે વિનામૂલ્યે ચાલી રહેલી OPD સેવા દ્વારા લોકો સમયસર સારવાર મેળવી પોતાની તબિયત નીખારી શકે.

## મનપાનો મોટો સ્ટાફ SIRના કામમાં વ્યસ્ત, લોકોને હાલાકી

સુરતઃ SIR અંતર્ગત મતદાર યાદી સુધારણા અભિયાનમાં સુરત મહાનગરપાલિકા અને શિક્ષણ સમિતિનો મોટો સ્ટાફ જોડાયો છે. જેના કારણે હાલમાં નાગરિક સુવિધા કેન્દ્રો, શાળાઓ અને પાલિકાની રોજિંદી કામગીરી પર સીધી અસર પડી રહી છે. લોકોને જન્મ-મરણના દાખલા સહિતની આવશ્યક સેવાઓ માટે ભારે મુશ્કેલી પડી રહી છે. શાળાઓમાં શિક્ષકોની અછતથી વિદ્યાર્થીઓ વર્ગખંડમાં શિક્ષકોની રાહ જોઈ રહ્યાં છે. સુરતમાં કુલ 38 નાગરિક સુવિધા કેન્દ્રો છે, જ્યાં રોજના કાર્ય સમય દરમિયાન 14 પ્રકારની નાગરિક સેવાઓ આપવામાં આવે છે. પરંતુ હાલ મોટાભાગનો સ્ટાફ BLO કામગીરીમાં જોડાઈ જતાં કેન્દ્રોમાં જરૂરી સેવાઓ મળવામાં વિલંબ થઈ રહ્યો છે. લોકો જન્મ કે મરણના દાખલા મેળવવા પહોંચે છે, ત્યારે સ્ટાફ હાજર નહીં હોવાથી તેમને દાખલા તરત મળતા નથી, જેના કારણે આગળની સરકારી પ્રક્રિયાઓ અટવાઈ રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બેંક ઓફ બરોડા દ્વારા નવી લોન ઝુંબેશ શરૂ કરવામાં આવી

મુંબઈ: ભારતની અગ્રણી સરકારી બેન્કો પૈકી એક બેન્ક ઓફ બરોડાએ તેના ગ્લોબલ બ્રાન્ડ એમ્બેસેડર સચિન તેંડુલકરને આવરી લેતી લેટેસ્ટ વિજ્ઞાપન ઝુંબેશ શરૂ કરી છે. ગત વર્ષે તેના પ્લે ધ માસ્ટરસ્ટ્રોક પ્લેટફોર્મની સફળતાના આધારે આ નવી ઝુંબેશમાં જીવનના મહત્ત્વના ઘર કે કારની ખરીદીથી માંડી બિઝનેસમાં રોકાણ સહિતના લક્ષ્યોને હાંસલ કરવા યોગ્ય વિકલ્પ પસંદ કરવાના મહત્વના પર ભાર મૂક્યો છે. આ ઝુંબેશ એ વાત પર ભાર મૂકે છે કે યોગ્ય નાણાકીય ભાગીદાર પસંદ કરવો એ સાચો માસ્ટરસ્ટ્રોક છે જે આકાંક્ષાઓને વાસ્તવિકતામાં ફેરવવામાં મદદ કરે છે. બેન્કના રિટેલાઈઝેશન વ્યૂહરચના સાથે સંરેખિત આ ઝુંબેશ ચાર મુખ્ય પ્રોડક્ટ - હોમ લોન, કાર લોન, બીઓબી ડિજી ઉદ્યમ દ્વારા એમએસએમઈ લોન અને બીઓબી માસ્ટરસ્ટ્રોક લાઇટ સેવિંગ એકાઉન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

### રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલના મેનેજમેન્ટ અને વિદ્યાર્થીઓ દ્વારા INS સુરતની મુલાકાત



સુરતઃ સુરત અદાણી પોર્ટ ખાતે આવેલા સુરતની શાન "INS SURAT"ની તા.5મી ડિસે.ના રોજ શાળાના મેનેજમેન્ટ મેમ્બર જીગ્નેશભાઈ માંગુકિયા, કિશનભાઈ માંગુકિયા, ઈશ્વરભાઈ માંગુકિયા, ગિરધરભાઈ માંગુકિયા તેમજ શાળાના આચાર્ય અને શાળાની શાન એવા આન ટીમના વોલેન્ટર તેમજ વિદ્યાર્થી દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન નેવી ઓફિસર દ્વારા INS સુરતની યુદ્ધ ક્ષમતા અને તેની વિશિષ્ટ તાકાતનો પરિચય કરાવવામાં આવ્યો હતો. સાથે સાથે વિદ્યાર્થીઓને તેની વિશિષ્ટ ટેક્નોલોજી અને ડીફેન્સ સિસ્ટમનું માર્ગદર્શન આપી સમુદ્રમાં રહી ભારતની સરહદીય સીમાનું રક્ષણ રાત દિવસ કેવી રીતે કરે છે તેની માહિતી આપવામાં આવી હતી. અંતે તમામ શિક્ષક ગણ અને વિદ્યાર્થી માટે "અલ્પાહાર"ની સુવિધા રાખવામાં આવી હતી. અંતમાં "INS SURAT"ને દેશના રાષ્ટ્રીય ગાન સાથે સલામી આપવામાં આવી હતી.

### સુરતના કોર્ટ રૂમના યોદ્ધા પ્રેમ દવે, સંગીત જગતના નવા શિલ્પી બન્યા



સુરતઃ સુરતના એડવોકેટ અને કવિ પ્રેમ દવે દ્વારા તાજેતરમાં ખુબ જ સફળ થયેલી 'લાલો' ફિલ્મના ગીતો લખવામાં આવ્યા છે. પ્રેમ દવેના ગીતોને જાણીતા ગાયકો ક્રિષ્ના બરૂઆ, કિર્તીદાન ગઢવી તેમજ ઐશ્વર્યા મજમુદાર દ્વારા સ્વર આપવામાં આવ્યો હતો. પ્રેમ દવેના સર્જને બતાવી આપ્યું છે કે, કાયદો તર્કની ભાષા છે, પણ કવિતા હૃદયની ભાષા છે – અને તેઓ બન્ને ભાષામાં નિપુણ છે.

### શ્રી મહાકાલેશ્વર મંદિર ઉજ્જૈનના મુખ્ય પ્રધાન પુજારી પ્રદીપજી શર્મા સુરતમાં



સુરતઃ શ્રી મહાકાલેશ્વર સાલાસર હનુમાન સેવા ટ્રસ્ટ દ્વારા સુરતમાં બની રહેલા મહાધામ મંદિરનું ભૂમિપૂજન તા. 1 માર્ચ 2026ના રોજ નિર્ધારિત છે. તેની રૂપરેખા અને આયોજનના ભાગરૂપે માર્ગદર્શન માટે ઉજ્જૈનનાં પ્રતિષ્ઠિત મહાકાલેશ્વર મંદિરના પ્રમુખ પ્રધાન પૂજારી પ્રદીપજી શર્મા આજરોજ સુરત મુકામે પધાર્યા હતા.

### ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજના અધ્યાપક ડો. બિપીનચંદ્ર બરુવાલા પીએચ.ડી. થયા



સુરતઃ શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ, સુરતના અધ્યાપક ડો. બિપીનચંદ્ર ચંપકલાલ બરુવાલા અર્થશાસ્ત્ર વિષયમાં રજૂ કરેલા મહાશોધ નિબંધ "ખેતમજૂરોની સામાજિક-આર્થિક સ્થિતિ" (સુરત જીલ્લાના ઓલપાડ અને કામરેજ તાલુકાઓનો એક અભ્યાસ) ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે આ સંશોધન કાર્ય શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ, સુરતના આચાર્ય ડો. દિલીપ એલ. વરસાણીના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યુ હતું.

### ભોજનની ભૂખ કરતાં ભોગસુખની ભૂખ તે ખતરનાક છે: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



સુરતઃ ફુલચંદ કલ્યાણચંદ ઝવેરી જૈન પૌષધશાળાનાં અઠવાલાઈન્સ જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભા સમક્ષ અમૃતવાણી વહાવતા કહ્યું હતું છે; ભ્રમણાઓના ભાંગીને ભૂક્કા નહીં થાય ત્યાં સુધી ભ્રમણ નહીં અટકે. આજનો માણસ મોટા ભાગે ભ્રમણાના જગતમાં જ જીવી રહ્યો છે. જે જ્યાં નથી ત્યાં તેનાં દર્શન કરવા તેને ભ્રમણા કહેવાય. સુખ ભોગવવા જેવું છે. આ એક મસમોટી ભ્રમણાનો ભોગ સમગ્ર વિશ્વ બન્યું છે. આ દુનિયામાં ભૌતિક સુખોની પાછળ માણસ ભુરાંટો બન્યો છે. ભોજનની ભૂખ કરતાં ભોગસુખની ભૂખ તે ખતરનાક છે. અત્યારે અર્થ-કામની આગે ભલભલાને સકંજામાં લીધા છે. સંપત્તિનો વળગાડ એટલો ખતરનાક છે કે જેમાં સંઘર્ષો અને સંકલેશોની હોળી સળગી રહી છે. જેટલું હોય તેટલું ઓછું પડે છે. સંપતિ માટે માણસ ક્યા પાપો નથી કરતો તે સવાલ છે.

### શિક્ષણ સમિતિના વિદ્યાર્થીઓએ યુદ્ધ જહાજ આઈએનએસની મુલાકાત લીધી



સુરતઃ સુમન હાઈસ્કૂલ નં.19ના વિદ્યાર્થીઓએ અદાણી પોર્ટ ખાતે ભારતીય નૌકાદળના આધુનિક યુદ્ધજહાજ INS સુરતની મુલાકાત કરી હતી. વિદ્યાર્થીઓએ જહાજ પર આવેલા અદ્યતન રડાર સિસ્ટમ, મિસાઇલ લોન્ચર અને સુરક્ષા વ્યવસ્થાઓ નજીકથી નિહાળતા ઉત્સાહ અને રાષ્ટ્રપ્રેમની નવી લાગણી અનુભવી હતી. નૌકાદળ દેશની સુરક્ષા માટે કેટલો જોખમી અને જવાબદારીસભર કાર્ય કરે છે તેનો જીવંત અનુભવ પણ વિદ્યાર્થીઓએ મેળવ્યો હતો. આ મુલાકાત વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી અને યાદગાર બની રહી હતો. આ અનોખી તક માટે વિદ્યાર્થીઓએ સુરત મહાનગરપાલિકા અને ભારતીય નૌકાદળનો આભાર વ્યક્ત કર્યો હતો.